# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

પો.બો.નં.–૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫


## આર્કિટેક

**<u>શરતો :</u>**

(૧) કાઉન્સિલ ઓફ આર્કીટેકચર ન્યુ દિલ્હીની માન્યતા કોલેજ શરૂ થયા પહેલાં મેળવી લેવી.

(૨) ગ્રંથાલયમાં એ.આઈ.સી.ટી.ઈ. તેમજ કાઉન્સીલ ઓફ આર્કીટેકચર તેમજ યુનિવર્સિટીના નિયમો મુજબ પુસ્તકો વસાવવા.

(૩) એ.આઈ.સી. ટી.ઈ. અને કાઉન્સિલ ઓફ આર્કીટેકચરના નિયમો અનુસાર જરૂરી સ્ટાફની ભરતી કરવી.

(૪) આર્થિક સધ્ધરતાના પુરાવાઓ રજૂ કરવા.

(૫) યુનિવર્સિટી તરફથી જોડાણની મંજૂરી મળેથી તેમજ અભ્યાસક્રમ શરૂ થતાં પહેલાં હાલમાં ચાલુ બાંધકામ કાર્યરત મકાન એ. આઈ.સી.ટી.ઈ.ના નિયમો મુજબ પૂર્ણ કરવાનું રહેશે.

(૬) એ.આઈ.સી.ટી.ઈ. તરફથી વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થતાં કમ્પ્યુટર લેબોરેટરીમાં જરૂરી કમ્પ્યુટર સાધનો વસાવવા.

(૭) જે તે અભ્યાસક્રમ માટે " એપલેટ ઓથોરીટી"નો મંજૂરી પત્ર તથા રાજય સરકારનું "વાંધા પ્રમાણપત્ર"ની નકલ રજૂ કરવામાં આવે.

(૮) કોલેજના કર્મચારીઓના પગાર–ભથ્થા માટે અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં રૂપિયા ૨,૦૦,૦૦૦/– લાખ ડિપોઝીટ તરીકે મૂકવામાં આવે.

(૯) મંડળે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂા. ૬,૦૦,૦૦૦/–ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ડીપોઝીટ મૂકવામાં આવે.

(૧૦) નવા અભ્યાસક્રમ માટે પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર સંસ્થાએ યુનિવર્સિટીમાં રૂા.૧૨,૦૦,૦૦૦/– લાખની યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ડિપોઝીટ મૂકવામાં આવે.

(૧૧) વિદ્યાર્થી દીઠ રૂા. ૫૦૦/– વિકાસફાળો તથા પ્રતિ વર્ષ રૂા. ૪૦૦૦/– કાયદાકીય ફી ભરવી.

(૧૨) શૈક્ષણિક સ્ટાફના ઈન્ટરવ્યુ યુનિવર્સિટી કેમ્પસ, પાટણ મુકામે રાખવા.

(૧૩) ટયુશન ફી તથા અન્ય ફી પ્રવર્તમાન દરે લેવાની રહેશે તથા કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિથી વિદ્યાર્થીઓ ફાળવવામાં આવશે.

(૧૪) કર્મચારીઓ માટે પ્રોવીડંડ ફંડની જોગવાઈ કરવી તથા તેઓના પગાર બેન્ક મારફતે જ ચૂકવવા.